હવામાન ખાતાની ચેતવણીની અવગણના

હવામાન ખાતા દ્વારા ૧૪,૧૫,૧૬ જૂને મુશળધાર વરસાદની આગાહી વ્યક્ત કરાઈ હતી તેમ છતાં વહિવટીતંત્ર તરફથી સાવચેતીનાં કોઈપણ પગલાં ભરવામાં આવ્યા નહીં

નવીદિલ્હી, તા. ૩૦

ઉત્તરાખંડમાં આવેલી કુદરતી આફત બાદ રાજય સરકારની બેદરકારી જાહેર થવા લાગી છે. જુદા જુદા સમાચારો દ્વારા એ બાબત જાણવા મળી છે કે હવામાન વિભાગ તરફથી અવારનવાર જારી કરવામાં આવેલી ચેતવણી છતાં ચારધામ યાત્રા સાથે સંકળાયેલ એક વિશેષ સલાહ પર સરકારે ધ્યાન આપ્યું ન હતું. જો સરકારે આ ચેતવણીની ગંભીર નોંધ લીધી હોત તો આટલા બધા લોકોએ જીવ ગુમાવવાનો વારો ન આવત અને અચાનક આવેલી આફત સામે ઝઝુમવા માટેના સાધનો તૈયાર હોવાને કારણે અનેક લોકોનાં જીવ બચી શક્યા હોત. હવામાન ખાતેએ પોતાની ચેતવણીમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ચારધામની યાત્રા સ્થગીત કરી દેવામાં આવે. કારણ કે મુશળધાર વરસાદ થવાની શકયતા છે. પરંતુ સરકારી અધિકારીઓએ આ ચેતવણી પર કોઈપણ પ્રકારનું ધ્યાન આપ્યું નહીં અને એટલું જ નહીં આ આફતને પહોંચી વળવા માટે કોઈપણ પ્રકારનાં પગલા ભર્યા નહીં. પરિણામે આજે આ દુર્ઘટનામાં ચોક્કસ કેટલા લોકો માર્યા ગયા છે તે પ્રકારની ચોક્કસ પ્રકારની માહિતી મળી શકી નહીં. બહુગુણા સરકાર આ મામલે સંપૂર્ણ ખામોશ છે. મિડિયામાં જણાવેલા સમાચાર અનુસાર પહેલી ચેતવણી ૧૪ જૂને કૃષિ બુલેટીનમાં આપવામાં આવી હતી. ૧૫ જૂને આગામી ૭૨ કલાકમાં ભારે વરસાદ થવાની ચેતવણી આપદા પ્રબધન કેન્દ્ર, આઈટીબીપી અને રૂદ્ર પ્રયાગનાં ડીએમને પણ આપવામાં આવી હતી. આ ચેતવણીમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે તમામ યાત્રીઓને સુરક્ષિત સ્થળો પર આશરો લેવાનું જણાવી દેવામાં આવે. ત્યારબાદ ૧૫ જૂને ચારધામની યાત્રા સાથે સંકળાયેલ એક વિશેષ ચેતવણી જારી કરાવમાં આવી હતી. આ ચેતવણીમાં ૧૬, ૧૭ જૂને ભારે વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી

હતી. તેમાં પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે ચારધામનાં યાત્રીઓ આગામી ચાર દિવસ સુધી યાત્રા મોકૂફ રાખે. આ ચેતવણી બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી અને જોષીમઠનાં વિસ્તાર માટે આપવામાં આવી હતી. ૧૬ જૂનની સવારે પણ હવામાન વિભાગે ચેતવણી આપી હતી. હવામાન ખાતા તરફથી અપાયેલ તમામ ચેતવણી સાચી સાબિત થઈ હતી. ૧૬ જૂનની રાત્રે થયેલા મુળશધાર વરસાદે ઉત્તરાખંડમાં સૌથી વધુ બરબાદી મચાવી હતી.

એક અખબારનાં જણાવ્યા અનુસાર ચેતવણી અંગેની કોપી તેની પાસે છે. તેની પાસે પુરાવો છે કે જો ચેતવણી તરફ ધ્યાન આપવામાં આવ્યું હોત તો હજારો લોકોનાં જીવ બચાવી શકાયા હોત. હવામાન વિભાગે રાજ્યનાં મુખ્ય સચિવ ચારધામ યાત્રાની હદમાં આવનારા જિલ્લાનાં ડીએમ, આપદા પ્રબંધન કેન્દ્ર, આઈટીબીપી અને ચારધામ યાત્રા માટે જવાબદાર ઓએસડી સહિત અનેક મોટા અધિકારીઓને આ અંગે જણાવવામાં આવ્યું હતું. રાજ્ય હવામાન વિભાગની આ ચેતવણી તેના અધિકારીઓએ ગંભીરતાથી લીધી ન હતી. જો વિભાગ આ ચેતવણીની નોંધ લે તો કેન્દ્ર સરકારને પણ એલર્ટ કરી શકાય તેમ હતું. ૧૬ જૂનની સવારે અપાયેલ ચેતવણીમાં રૂદ્રપ્રયાગનાં ડીએમ અને રાજ્યનાં મુખ્યસચિવને એલર્ટ કરતાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે આગામી ૩૬ કલાકમાં ભારે વરસાદ થવાની શકયતા છે. આ અંગે રાજયનાં મુખ્ય સચિવ સુભાષ કુમારનું કહેવું છે કે આ પ્રકારની ચેતવણી દરવર્ષે આપવામાં આવે છે. હવામાન ખાતા તરફથી દરવર્ષે ચેતવણી અપયા છે પણ તેની તીવ્રતા અંગે ક્યારેય જણાવાતું નથી.

અસરગ્રસ્ત વિસ્તારોમાં પડેલા મૃતદેહનો ઝડપી નિકાલ જરૂરી

દહેરાદૂન, તા.૩૦

ઉત્તરાખંડમાં વિનાશકારી પૂર બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હજુ પણ પુરી કરવામાં આવી નથી. ત્યારે હવે તંત્ર સામે સૌથી મોટી સમસ્યા અસરગ્રસ્ત વિસ્તારોમાં પડેલા મૃતદેહોના નિકાલની છે. આ ઉપરાંત અસરગ્રસ્ત ગામોમાં સ્થાનિક લોકો સુધી રાહત સામગ્રી પહોંચાડવાની બાબત પણ ખૂબ જ પડકાર રૂપ બનેલી છે. ઉત્તરાખંડમાં સત્તાવાળાઓ સામે આ નવા પડકારો ઉભા થઈ ગયા છે. ઉત્તરાખંડ હોનારતના ૧૫ દિવસ બાદ પણ કેટલીક બાબતોને લઈને ગુંચવણ ભરી સ્થિતિ રહેલી છે. જરૂરી ખાદ્ય સામગ્રી, દવાનો પુરવઠો, તબીબો અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલી દેવામાં આવ્યા છે. સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

હવામાનની સ્થિતિને લઈને પણ ચિંતા બની છે. ધીમે-ધીમે જનજીવનને સામાન્ય બનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બદ્રીનાથ અને રામબાડા વચ્ચેના માર્ગને ફરી વ્યવસ્થિત કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત જોષીમઠ અને ગોવિંદઘાટ વચ્ચેના માર્ગને પણ વ્યવસ્થિત કરી દેવામાં આવ્યો છે. જોષીમઠ અને ગોવિંદઘાટ વચ્ચેનો માર્ગ ખોલી દેવામાં આવ્યા બાદ આંશિક રાહત થઈ છે. જોકે ગુપ્ત કાશી અને ગૌરીકુંડ વચ્ચેના માર્ગ અને ઉત્તરકાશી તથા ગંગોત્રી માર્ગને હજુ ખોલવામાં આવ્યા નથી. સેના, બીઆરઓ અને રાજયના એન્જિનીયરિંગ વિભાગ દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા પણ જુદા જુદા સ્થળો પર ચાલી રહી છે. પાણી અને હવાઈ દુષણના લીધે રોગચાળાને રોકવા માટે પણ પગલા લેવામાં આવ્યા છે. મફત પરિવહનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ હેતુ માટે દહેરાદૂન, હરિદ્વાર, ઋષિકેશ, હલ્દવાનીમાં કાઉન્ટરો પણ ખોલવામાં આવ્યા છે. બચાવ કામગીરીને હજુ કેટલાક દિવસો લાગશે.

ભારત આઇસીસીની 3 મોટી ટુર્નામેન્ટની મેજબાની કરશે

લંડન, તા. ૩૦

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે જાહેરાત કરી છે કે ભારત આગામી ૨૦૧૬માં ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટ, ૨૦૨૧માં વિશ્વટેસ્ટ ચેમ્પયનશીપ તથા ૨૦૨૩માં વન-ડે વિશ્વકપની મેજબાની કરશે. ભારતને ક્રિકેટજગતમાં એકસાથે ત્રણ કિંમતી ભેટ મળી છે.

ટી-૨૦ વર્લ્ડકપ અને વિશ્વ ટેસ્ટ ચેમ્પયનશીપની મેજબાની ભારત પ્રથમવાર કરશે. જ્યારે વન-ડે વિશ્વકપની મેજબાની ચોથીવાર કરશે. આઇસીસીએ પોતાનાં વાર્ષીક સંમેલનમાં ૨૦૧૫થી ૨૦૨૩ સુધી પોતાનાં વૈશ્વિક કાર્યક્રમોને અંતિમ સ્વરૂપ આપવા દરમિયાન આ ત્રણેય હરિફાઈની ફાળવણી ભારતને કરી છે. ભારતે હજી સુધી ટી-૨૦ વિશ્વ ચેમ્પયનશીપની મેજબાની કરી નથી. ભારત ત્રણ વાર ૧૯૮૬-૮૭ અને ૨૦૧૧માં વન-ડે વર્લ્ડકપનું આયોજન કરી ચુક્યું છે. આઇસીસી ટેસ્ટ ચેમ્પયનશીપ પહેલીવાર ૨૦૧૭માં શરૂ થશે. જુન-જુલાઇમાં યોજાનાર આ ટુર્નામેન્ટની મેજબાની ઈંગ્લેન્ડ તથા વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી) કરશે. ભારતમાં ચાર વર્ષ બાદ આ ટુર્નામેન્ટ ફેબ્રુઆરી-માર્ચમાં રમાશે.

આઇસીસીનાં મુખ્ય કાર્યકારી ડેવિડ રીચર્ડસનનાં નિવેદનથી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી અંગે લગાવાતી અટકળો પર પુર્ણવિરામ મુકાઇ ગયો છે. તેમણે જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાનારી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ઘણી પ્રશંસા થઇ છે. પરંતુ દરેક પ્રારંભીક સ્વરૂપ માટે ચાર વર્ષ માટે એક ટુર્નામેન્ટનું આયોજન કરવું યોગ્ય છે. આ માટે આઇસીસી બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફીની જગ્યાએ આઇસીસી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપના આયોજન અંગે સહમતી વ્યક્ત કરી હતી.

ઇસીબી આ સીવાય ૨૦૧૯માં વિશ્વકપની મેજબાની કરશે. ક્રિકેટ ઓસ્ટ્રેલેયીને ૨૦૨૦માં વિશ્વ ટી-૨૦નાં આયોજનની તક મળે તેવી શક્યતા છે. આઇસીસી બોર્ડે રમતનાં ત્રણ પ્રારંભીક સ્વરૂપ તેમજ ટેસ્ટ ક્રિકેટ વચ્ચે સંતુલન જાળવી રાખવાની યોજનાનું સમર્થન કર્યું હતું. તેણે એ બાબતને મંજુરી આપી દીધી છે કે પુર્ણકાલીન સભ્ય દેશોએ દર ચાર વર્ષે ઓછામાં ઓછી ૧૬ ટેસ્ટ મેચ રમવી જોઇએ. આઇસીસી ક્રિકેટ વિશ્વકપ દરમિયાન રમાનાર એક દિવસીય મેચથી ટીમ રેન્કિંગ નક્કી કરવા માટે આઇસીસી બોર્ડે વન-ડે રેન્કિંગની સમય મર્યાદા ત્રણ વર્ષથી વધારીને ચાર વર્ષ કરી દીધી છે.

રૂપિયો ત્રણ મહિનામાં ઘટી ૬૧.૫૦ સુધી જઈ શકે

નવી દિલ્હી,તા. ૩૦

ડૉલર સામે રૂપિયો હજુ પણ ઘટે તેવો સ્પષ્ટ અભિપ્રાય ઘણા નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવતા આવનાર દિવસોમાં મોંઘવારી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે ડૉલર સામે રૂપિયો છેલ્લા થોડાક મહિનાઓમાં ૧૦ ટકા સુધી ઘટી ગયો છે અને હવે ડૉલર સામે રૂપિયો આગામી ત્રણ મહિનાના ગાળામાં પ્રતિ ડૉલર ૬૧.૫૦ની સપાટીને સ્પષ્ટ કરી શકે છે. આગામી ૧૨ મહિનામાં પ્રતિ ડૉલર ૬૨ની સપાટીએ પણ પહોંચી શકે છે. ક્રેડિટ શૂસ દ્વારા આ મુજબનો મત આપવામાં આવ્યો છે. ક્રેડીટ શૂસના ફોરેક્સ નિષ્ણાંતો માણી રહ્યા છે કે રૂપિયો આગામી ત્રણ મહિનામાં ડૉલર સામે ૬૧.૫ની સપાટી સુધી પહોંચી શકે છે અને આગામી વર્ષે આ જ ગાળામાં ૬૨ની સપાટી ઉપર રહેશે.

રૂપિયામાં હાલના ઘટના ક્રમને ધ્યાનમાં લઈને ક્રેડીટ શૂસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૩૦મી જુલાઈના દિવસે યોજાયેલી બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. જો રૂપિયો વધુ ઘટવાનો સિલસિલો વધુ જારી રહેશે તો વ્યાજદરમાં વધારો પણ કરવામાં આવી શકે છે. રૂપિયામાં ઘટાડાનો મતલબ એ છે કે ૩૦મી જુલાઈના દિવસે યોજાનારી બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરશે નહીં. આની બિલકુલ વિરુદ્ધમાં રેટમાં વધારો થવાનો ખતરો વધી જશે. અત્રે નોંધનીય છે કે ગય સપ્તાહમાં રૂપિયો ડૉલરની સામે જંગી મૂડીપ્રવાહ વચ્ચે ઘટીને ૬૦.૭૨ની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. મહિનાના અંતે આયાતકારો તરફથી ડૉલરની માંગ વધી ગઈ હતી. ફુગાવાના સંબંધમાં આ સંસ્થાનું કહેવું છે કે જો રૂપિયો વર્તમાન સપાટીએ સ્થિર થશે તો ડબલ્યુપીઆઈ ફુગાવો ૫૦-૭૫ બેઝિક પોઈન્ટ ઘટી પણ શકે છે. રૂપિયાની સ્થિતિ હાલ ચિંતાજનક બનેલી છે અને તમામની નજર હાલ કેન્દ્રીત છે.

દિલ્હીમાં ચુંટણી નજીક છતાં ભાજપમાં હજુ ઘણી ગુંચવણ

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હી વિધાનસભાની ચુંટણી આડે ખૂબ ઓછો સમય રહ્યો છે પરંતુ ભાજપમાં હજુ પણ ઘણી બધી ગુંચવણો રહેલી છે. કોના નેતૃત્વમાં ભાજપ ચુંટણી લડશે તે બાબત હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ભાજપ પ્રદેશ અધ્યક્ષ છે પરંતુ હજુ સુધી દિલ્હીના મુખ્યમંત્રી પદના પક્ષના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી નથી. અન્ય રાજ્યો માટે ભાજપ દ્વારા ખૂબ પહેલાથી પ્રભારી નક્કી કરવામાં આવી ચુક્યા છે. પરંતુ દિલ્હી માટે હજુ સુધી પ્રભારીના નામની પણ જાહેરાત કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં દિલ્હી ભાજપના ઘણા નેતાઓને ચિંતા સતાવી રહી છે. પ્રભારી નક્કી કરવાની સ્થિતિમાં પણ મોટો ફાયદો થઈ શકે છે. દિલ્હીના પ્રભારી નક્કી કરવા માટે રાષ્ટ્રીય લીડરશીપને તકલીફ પડી રહી છે. અલબત્ત એમ માનવામાં આવે છે કે, આગામી બે ત્રણ દિવસમાં દિલ્હીના પ્રભારીના નામની જાહેરાત કરવામાં આવશે. પરંતુ ભાજપના ઘણાં નેતા આનાથી ખુશ દેખાઈ રહ્યા નથી. નામ જાહેર નહીં કરવાની સાથે એક નેતાએ કહ્યું છે કે, પ્રદેશ અધ્યક્ષ પોતાની ઈચ્છાથી પ્રદેશ ટીમ બનાવી ચુક્યા છે. જિલ્લા અધ્યક્ષ પણ નક્કી કરવામાં આવી ચુક્યા છે. મંડળની ટીમ પણ બનાવવામાં આવી રહી છે. હવે રાજ્ય પ્રભારી તરીકે કોઈની નિમણૂંક કરવામાં આવશે તો તેની ભૂમિકા શું રહેશે તેને લઈને પણ દુવિધાભરી સ્થિતિ છે. મુખ્યમંત્રી પદના નામની જાહેરાત પણ કરવામાં આવી નથી. દિલ્હીમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવારને લઈને પણ ગુંચવણ છે. અન્ય રાજ્યોમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં મુખ્યમંત્રી પદ માટે ચાર થી પાંચ દાવેદારો મેદાનમાં છે. ઉમેદવારના નામ જાહેર કરવાની સ્થિતિને ઘણાં નેતાઓ નારાજ થઈને પક્ષને નુકશાન પહોંચાડી શકે છે. શિલા દિક્ષીતની સામે કયા ચેહરાને મેદાનમાં ઉતારે તેને લઈને દુવિધા છે.

ઈક્વિટી માર્કેટમાંથી ૧૧૦૨૭ કરોડ ખેંચાયા

જુનમાં એફઆઈઆઈ દ્વારા ૭.૫ અબજ ડોલર ખેંચાયા

નવી દિલ્હી,તા. ૩૦

વિદેશી મુડી રોકાણકારોએ જુન મહિનામાં ભારતીય મુડી બજારમાંથી રેકોર્ડ ૭.૫ અબજ ડોલરની રકમ પાછી ખેંચી લીધી છે. ડોલરની સામે રૂપિયામાં હાલમાં ઘટાડો થતા વિદેશી રોકાણકારો પણ હચમચી ઉઠ્યા છે. જો કે વિદેશી રોકાણકારોનો વિશ્વાસ ભારતીય બજારમાં યથાવત રહ્યો છે.

વિદેશી રોકાણકારોએ રૂપિયાને લઈને ચિંતા વચ્ચે આ મહિનામાં ભારતીય મુડી બજારમાંથી ૭.૫ અબજ ડોલર અથવા તો ૪૪૧૬૨ કરોડની રકમ પાછી ખેંચી લીધી છે. ડેબ્ટ સિક્યુરિટીઝમાંથી ૩૩૧૩૫ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવામાં આવ્યા છે. જ્યારે ઈક્વિટી માર્કેટમાંથી ૧૧૦૨૭ કરોડની રકમ પાછી ખેંચી લેવામાં આવી છે. માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે ઉપલબ્ધ આંકડામાં જણાવાયું છે કે એકલા ડેબ્ટ માર્કેટમાંથી જુનમાં રેકોર્ડ રકમ પાછી ખેંચવામાં આવી છે. ડોલરની સામે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચતા આ સ્થિતી સર્જાઈ છે. આ વર્ષે જંગી વેચાણની સ્થિતી છતાં એફઆઈઆઈ પ્રવાહ વર્ષ ૨૦૧૩ માટે હજુ સુધી ૬૩૦૦૦ કરોડ રહ્યો છે. વર્ષ ૨૦૧૨માં વિદેશી રોકાણકારોએ ડેબ્ટ અને ઈક્વિટી સાથે મળીને ૧.૬૩ લાખ કરોડની નેટ ખરીદી કરી હતી. માર્કેટ નિષ્ણાંતો માને છે કે જુનના મહિનામાં વેચાણ માટે રૂપિયામાં કડાકો મુખ્ય કારણ છે. મોડેથી જુન મહિનામાં ભારતીય રૂપિયામાં ડોલરની સામે સતત ઘટાડો થયો છે.

૨૬મી જુનના દિવસે ડોલરની સામે રૂપિયો ૬૦.૭૬ની નીચી સપાટીએ ઈન્ટ્રા ડે દરમિયાન પહોંચી ગયો હતો. રૂપિયામાં ઘટાડો થયા બાદ એવી પણ ચર્ચા છે કે આરબીઆઈ તેની આગામી નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજદરમાં કોઈ ઘટાડો કરી શકશે નહી. વધુમાં વ્યાજદરમાં વધારો થવાની દહેશત ઉભી થઈ ગઈ છે. પેટા લિમિટને દુર કરવા સહિત એફઆઈઈ મુડીરોકાણના નિયમોને હળવા કરવા માટે સરકારે કેટલાક પગલા લીધા છે. ડેબ્ટ ઈન્વેસ્ટમેન્ટ પર વિથહોલ્ડિંગ ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેના કારણે પણ રાહત થિ છે. ૨૮મી જુનના આંકડા મુજબ દેશમાં નોંધાયેલા એફઆઈઆઈની સંખ્યા ૧૭૫૩ જેટલી છે.

સમાચાર ઝલક

- ૨૦૨૩નો ક્રિકેટ વર્લ્ડકપ ભારતમાં યોજાશે.
- અમરનાથમાં રજીસ્ટ્રેશનની નવી પ્રથાથી યાત્રાળુઓમાં હાલાકી વધી.
- ઉત્તરાખંડમાં ફરીથી ભારે વરસાદ, જળપ્રલયથી ગુમ થયા લોકોની સંખ્યામાં વધારો, ત્યાંનું જીવન હજુ પણ અસ્તવ્યસ્ત.
- ૧૫મી જૂનની હવામાન ખાતાની લેખિત ચેતવણી ઉત્તરાખંડ સરકારે ધ્યાને લીધી હતી નહીં, તેમાં યાત્રા રોકવા જણાવેલ હતું?
- દક્ષિણ આફ્રિકામાં નેલ્સન મંડેલાના કુટુંબીઓની મુલાકાત લેતા અમેરિકન પ્રમુખ ઓબામા.
- શિલ્પા શેટ્ટી અને રાજકુંદ્રાને દિલ્હી પોલીસે ક્લીનચીટ આપી.
- રસીકરણ વગરના યાત્રાળુઓને પહેલગામથી જ અટકાવાયા.
- અમરનાથ જતા યાત્રાળુઓને નજીકના પોલીસ મથકે નોંધ કરાવવી જરૂરી.
- ગોપીનાથ મુંડેને ચૂંટણીપંચે વધારે ખર્ચ કરવા બાબતે નોટીસ આપી.
- આજે ભાવનાબેન ચીખલીયાની શોકસભામાં ભાજપના મહાનુભાવો હાજરી આપશે.
- સૂરતમાં ટ્રક અકસ્માતમાં આણંદના વતનીઓનાં મોત.
- ભાગીરથી નદીમાં વધતું જતું જળસ્તર.
- ૨૫ કલાકમાં ૧૯૪ કિલોમીટર દોડી રેકોર્ડ સર્જ્યો.
- ૩૦મી જૂને સરકારના મોટા ભાગનાં કર્મચારીઓ વયનિવૃત્ત પામ્યા.
- વડોદરાના ભૂમાફિયા ચૌહાણની ધરપકડ.
- ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.
- રેલ ભાડા નહિ વધાયાર : રેલ મંત્રી.
- રેલ્વેની ટ્રેનોમાં આજથી નવું સમયપત્રક અમલી બનશે.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

બાળકની ભાવનાત્મક જરૂરીયાતો અને એની ભૌતિક જરૂરીયાતો કે માગણીઓ વચ્ચેનો ભેદ ટૂંકમાં સમજી લેવો જોઈએ. જરૂર ન હોય છતાં માત્ર દેખાદેખીથી ક્રિકેટની સંપૂર્ણ કીટની માગણી કરતા બાળકને આ ભૌતિક જરૂરીયાતોની પૂર્તિ એની ભાવનાત્મક જરૂરીયાત સંતોષવામાં થઈ શકે છે? ભાવનાત્મક રીતે સંતુષ્ઠ બાળકોની ભૌતિક જરૂરીયાતો પ્રમાણમાં ઘણી ઓછી હોવાની.

બાળકની તમામ ભૌતિક માંગણીઓ સંતોષ લેવાથી આદર્શ માબાપની બની જવાતું નથી. શેરીમાં ક્રિકેટ રમવા માટે સંપૂર્ણ કિટની જરૂર નથી હોતી આ વાત ગુસ્સે થયા વગર સમજાવી શકાય છે. કોઈ એવી માંગણીઓ બાળક કરે જેને સંતોષવાની તમારી આર્થિક ક્ષમતા ન હોય તો એ વાત પણ બાળકને વિગતે સમજાવી શકાતી હોય છે. તમે એને આપેલી લાંબીલચક સ્પષ્ટતાઓ તેની સમજ બહારની છે એવી આશંકાને તડકે મૂકીને પણ તમારે તમામ તર્કબદ્ધ રજૂઆત એની સમક્ષ કરવી પડે. બાળકો આપણે માનીએ છીએ એના કરતા વધુ ગ્રહણશક્તિ ધરાવે છે અને તેઓ તેમની ઉમરે તમારા કરતા વધુ બુદ્ધિશાળી હોય છે. એની સાથેની તમારી વાતચીતનો સાર નક્કી કરશે કે તમે એની ભાવનાત્મક જરૂરીયાતો સંતોષી શકવાની ક્ષમતા ધરાવો છો કે કેમ.

બાળક પુખ્તવયનું થાય એ પછી જો એના પર ઉકળતું પાણી પડે તો એણે શું કરવું એ વિશે તાલીમ આપવા એના નાના આંગળાં નાનપણથી જ શીખવવું જોઈએ? તમે જ નક્કી કરો.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

કચ્છના અગ્રણી ઈતિહાસવિદો, વિવિધ વિષયના તજ્જ્ઞો, અને ઈતિહાસ આલેખન ક્ષેત્રે રસ ધરાવતા બૌદ્ધિકો ને એકત્ર કરી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સીલે ભૂજ અને અમદાવાદ ખાતે બેઠકો અને ગોષ્ઠિઓનું આયોજન કર્યું તેમાં ઈતિહાસ ગ્રંથમાં આવરી લેવાના વિષયો અને સમય ખંડો નક્કી થયા. સંબંધિત વિષયો માટે યોગ્ય લેખકોનું ચયન, લેખન-માર્ગદર્શન, મૂલ્યાંકન અને સંપાદન આદિ કાર્યો માટે પરામર્શ, સમન્વય અને સંપાદન સમિતિઓનું ગઠન થયું. તેમાં ઈતિહાસ લેખનના પ્રસ્થાપિત માપદંડો, લેખોમાં પ્રસ્તુત વિગતોની સંબંએધિત લેખકોની જવાબદારી સંકલિત ગ્રંથનું પ્રકાશન, વિતરણ હક્કો અંગે વિગતે ચર્ચા વિચારણાઓ અને નિર્ણયો કરવામાં આવ્યાં.

કચ્છના આદિકાળથી લઈને ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ બાદ પુનર્વસન સુધીનાં સમયગાળા દરમિયાન કચ્છની ભૌતિક તેમ જ ઈતિહાસ મૂલક રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઘટનાઓના સમયનાં સંદર્ભે અભ્યાસ અને ક્રમબદ્ધ આલેખન કરતા લેખકો દ્વારા સંબધિત વિષય અંગે આવશ્યક સંશોધન, લેખન પરામર્શ સમિતિ દ્વારા લેખોનું અવલોકન છ સદસ્યોની ભૂત સ્થિત એક વિશેષ સમિતિ દ્વારા પ્રત્યેક લેખક સાથે વ્યક્તિગત સ્તરે પુનર્લેખન, માર્ગદર્શન અને સંપાદક સમિતિ દ્વારા વાચન-પુનર્વાચનની લાંબી પ્રક્રિયાને અંતે વર્ષ ૨૦૧૨ના આરંભે એટલે કે લગભગ ત્રણ વર્ષની સમયાવધિએ ૬૦૦ પૃષ્ઠના આ ગ્રંથ 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ભાગ ૧-૨ નું કાર્ય સુપેરે પાર પડ્યું હતું.

'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ભાગ ૧-૨ જહેમતપૂર્વક તૈયાર કરવામાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અમદાવાદ તેમજ આ ગ્રંથના સંપાદકો અને લેખકો એ જે મહેનત કરી છે અને ખુબ જ ઉપયોગી માહિતીપ્રદ ગ્રંથોનું નિર્માણ કર્યું તે માટે સૌ અભિનંદનના અધિકારી છે.

'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભાગ ૧-૨

પ્રાયોજક : કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, કિંમત : ૩૫૦ + ૩૫૦

વાર્તા (પાના નં. ૪ નું ચાલુ)

બંનેને હવે આ બધાના વર્તનનું કારણ સમજાયું હતું ત્યાં પાછળથી અવાજ આવ્યો, 'સાબ'જી, યે મેરી બહન ઔર બહનોઇ હૈ, યે પચ્ચીસ સાબ પહેલેકી બાત હૈ, પથ્થર ગીરને સે દોનોં કી મોત હો ગઇથી સાબ. બહનજી કો દેખા તો મુજે મેરી બહન યાદ આ ગઇ.' આટલું બોલતાંમાં તેની આંખો છલકાઇ ઉઠી. વિશ્વબંધુએ તેને ખભે હાથ મૂકી સાંત્વના આપી. 'સાબ, મેરી એક હી બહનથી, મુજે વો જાનસે પ્યારી થી. બહનજી કો દેખા તો મુજસે રહા નહીં ગયા. ઇસલિયે મેં આપકો હીં યહાં લેકર આયા હૂં.' આટલું કહી તે તેના ઘર તરફ ગયો. વિશ્વબંધુ અને તેમનાં પત્ની બહાર આવ્યા અને તેમનાં ઘરમાં ગયા.

ઘરનાં સૌની આંખો રડતી હતી. સગી બહેન હંમેશ માટે વિદાય લેતી હોય તેમ સૌ ડૂસકાં ભરતાં હતાં. રામ બહાદુરે નવાં બે જોડ કપડાં અને ચાંદીનાં કડલાં બહેનને આપ્યાં. આ બંને પણ રડી પડ્યાં. લેવાય કે નહીં તેની તેમને સમજ પડતી ન હતી. તેની પત્ની બોલી, 'બહેનજી, આપકે ભાઇ આપકો દે રહે હૈ, આપકો લેના હી હોગા.'

સૌ રડતાં હતાં અને સૌ ચૂપ હતા. સૌ બોલતાં હતાં અને બધાં એકબીજાને સાંભળતા હતા. ભારે મને ત્રણે ઘોડે બેઠા. વારંવાર દૂર થતાં પરભવના સગાંઓ જેવાં સૌને અને ગામને પાછાં વળી જોતાં જોતાં પર્વત ઉતરવા લાગ્યા. રામબહાદુર ભીની આંખો ત્રણેને સલામત સ્થલે મુકી આવ્યો. મોબાઇલથી ફોટા સૌએ પાડ્યા હતા. તે યાદગીરી તથા ફરી શાંતિના સમયમાં મળવાનું વચન આપી બધા છૂંટા પડ્યાં. મુંબઇ પહોંચતા છ દિવસ લાગ્યાં હતા.

મુંબઇ પહોંચી સૌ પ્રથમ સદ્ગુણાએ રામબહાદુરને ફોન કર્યો. ફોન તેનાં પત્નીએ ઉપાડ્યો. ફોનમાં અવાજ ઓળખીં જતાં રામબહાદુરની પત્ની ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. વારંવાર સાંત્વના આપ્યા પછી તે બોલી શકી. 'બહનજી, બહોત બૂરા હુઆ, આપકો છોડને વો ગયે ઔર વાપીસ આતે સમય...' એક ડૂસ્કું તેણે ભર્યું પછી બોલી, 'પર્વત સે ચટ્ટાન ગીરી ઔર વો વહીં દબકર ચલ બસે'.

આટલું સાંભળતાં સૌને ગળે ડૂમો ભરાઇ ગયો. કોઇ કાંઇ બોલી ન શક્યું. વિશ્વબંધુએ સાંત્વના આપી અને બધું ઠીક થતાં ફરી આવવાનનું સર્જાયું.

પરભવના સંબંધો ક્યારે સમજાય, સર્જાય અને ક્યાં પુરા થાય એ ઇશ્વર સિવાય કોઇ સમજી શકતું નથી. પચ્ચીસ વર્ષ પહેલાં જન્મેલી મુંબઇની સદ્ગુણા અને રામબહાદુરની મૃત બહેન એ શું સંયોગ હશે કે પુનર્જન્મ?